# પ્રાંતિયા પાસે ટ્રકે લ્યુનાને અડફેટે લેતા બેનાં મોત

## લ્યુનાની પાછળ લીફટ માંગીને બેસેલા આધેડ પણ મોતને ભેટયા : ટ્રક મુકીને ચાલક ફરાર






(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક નેશનલ હાઈવે નં. ૮ પર પ્રાંતિયા ગામના બસ સ્ટેન્ડ પાસે બેફામ ગતિએ આવી રહેલી ટ્રકે લ્યુનાને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. લ્યુનામાં સવાર બે આધેડ વયની વ્યકિતઓ આ અકસ્માતમાં મોતને ભેટયા છે. અકસ્માત બાદ આરોપી ટ્રક ચાલક ટ્રક ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે મૃતક લ્યુના ચાલકના ભત્રીજાની ફરિયાદને આધારે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરીને ફરાર ચાલકની શોધખોળ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીકનાં પ્રાંતિયા ગામમાં રહેતા ૫૦ વર્ષીય આત્મારામ ફકીરજી ઠાકોર તેમના લ્યુના નં. જીજે ૧૮ જે ૧૪૮ લઈને ઘરેથી મોટા ચિલોડા તરફ જવા નીકળ્યા હતાં. ગામમાંથી નીકળતી વખતે તેમને રસ્તામાં પરિચિત ૪૫ વર્ષીય પ્રભાતસિંહ શકરાજી ઠાકોર મળ્યા હતાં. બુટાકીયા ગામના રહેવાસી પ્રભાતસિંહને પણ મોટા ચિલોડા તરફ જવું હોવાથી આત્મારામ પાસે લીફટ માંગીને તેઓ લ્યુના પાછળ બેસી ગયા હતાં. ગામમાંથી લ્યુના બહાર ડબલ સવારી નીકળ્યું અને હાઈવે ઉપર ચઢયા ત્યારે પ્રાંતિયાના બસસ્ટેન્ડ પાસે જ તેમની લ્યુનાને હાઈવે પર સડસડાટ નીકળેલી ટ્રકે જબરદસ્ત ટકકર મારતા લ્યુના સાથે બંને ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતાં. આ ગંભીર અકસ્માતમાં લ્યુના ચાલક આત્મારામનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું જયારે લીફટ માંગીને પાછળ બેસેલા પ્રભાતસિંહને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જોકે તેમનું પણ સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ડભોડા પોલિસ મથકના પીએસઆઈ એસ.બી. વાઘેલાએ મૃતક આત્મારામના ભત્રીજા દિપસિંહ શંકાજી ઠાકોરની ફરિયાદને આધારે ટ્રક નં. એમ.એચ. ૧૨ એફ. ઝેડ. ૩૩૪૪ના ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેમની ટ્રક કબ્જે લઈ ફરાર ડ્રાઈવરની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ચિલોડા-નરોડા નેશનલ હાઈવે નં. ૮ પર દિનપ્રતિદિન અકસ્માતોની વણથંભી વણઝારમાં અનેક નાગરિકોની જિંદગી હણાઈ રહી છે. આ માર્ગ વર્ષોથી સાંકડો અને ધમધમતો હોઈ ખૂબ જોખમી પુરવાર સાબિત થઈ રહ્યો છે. આ ઉપરાંત પ્રાંતિજ-ચિલોડા-દહેગામ અને નરોડા માર્ગ દ્વારા રેતી વહન કરતા ડમ્પરોના ચાલકો કમાણી કરવાની લ્હાયમાં દારુ-નશા યુકત બની બેફામ ડ્રાઈવીંગ કરી રહ્યા છે જેથી નાગરિકોની સલામતી જોખમાઈ રહી છે. આ હાઈવે માર્ગ વર્ષોથી જૈસે થે સ્થિતિમાં હોવાથી ગંભીર અકસ્માતોને નિવારવા માટે ફોરલેન તથા મુખ્ય ગામોના પ્રવેશદ્વારે બમ્પ મૂકવાની માંગ પ્રવર્તી રહી છે. આજે પ્રાંતિયા પાસે અકસ્માતમાં બે જિંદગી હોમાતાં લોકોમાં સત્તાવાહક તંત્ર સામે રોષ ભભુકી ઉઠયો છે. આમ માર્ગ સત્વરે પહોળો કરવા, બમ્પની વ્યવસ્થા અને બેફામ દોડતા ડમ્પરો પર નિયંત્રણ મુકવાની તાકીદ જણાઈ રહી છે.

# બોપલ અને ઘુમા સુધી વાયા રીંગ રોડ બસ દોડાવવા માગ

## બોપલ-ઘુમા-આંબલી વિસ્તારમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થતાં ગાંધીનગરથી અહીં જતા વિદ્યાર્થીઓને બસ સેવાના અભાવે અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે

ગાંધીનગર, તા. ૨૮

સરખેજ-ગાંધીનગર હાઈવે પર જેમ બસો દોડે છે તેમ બોપલ-ઘુમા-આંબલી સુધી વાયા એસ.પી. રીંગ રોડ બસસેવા શરૂ કરવાની તાતી જરૂરીયાત છે. આ વિસ્તાર સુધી વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની આવનજાવન વધી જતા આ નવો રૂટ શરૂ કરવાની માંગ ઉગ્ર બની રહી છે.

અમદાવાદની પશ્ચિમે બોપલ, ઘુમા, આંબલી, શીલજ અને ગોધાવી જેવા વિસ્તારોનો વિકાસ છેલ્લા કેટલાક વર્ષોથી ખુબ ઝડપી બન્યો છે. ચાર-પાંચ વર્ષોમાં જ અહીં ઘણી કોર્પોરેટ કંપનીઓની ઓફિસો શરૂ થઈ છે. વળી આ વિસ્તાર એજ્યુકેશન હબ તરીકે પણ સતત વિકાસ પામી રહ્યો છે અને અહીં અનેક શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ ચુકી છે. આ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ માટે ઘણા વિદ્યાર્થીઓ ગાંધીનગરથી પણ અપડાઉન કરે છે. ગાંધીનગરથી આ વિસ્તારો સુધી સીધી બસ સેવા ઉપલબ્ધ નથી જેના કારણે ગાંધીનગરથી અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ખુબ તકલીફ પડે છે. બોપલ, આંબલી, ઘુમા જવા માટે ઈસ્કોન સર્કલ ઉતરવુ પડે છે. અને ત્યાંથી વાહન બદલવુ પડે છે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર જેમ શહેરી સર્વિસની બસો દોડાવવામાં આવે છે તેમ ગાંધીનગરથી વૈષ્ણોદેવી સર્કલ, રીંગરોડ થઈ બોપલ, ઘુમા સુધી જો બસ શરૂ કરાય તો મુસાફરોનો સમય બચશે અને તેમની મુશ્કેલીઓ દૂર થશે.

વહેલી સવારે બે-ત્રણ ટ્રીપ અને સાંજે બે-ત્રણ ટ્રીપ સરૂ કરાય તેવી માંગણી છે. આ વિસ્તારમાં રહેણાંક મકાનો પણ બની ગયા હોવાથી ગાંધીનગર સુધી બસને ટ્રાફિક પણ પુરતો મળી શકે છે.

# નદીમાં ન્હાવા પડેલા લેકાવાડાના યુવાનનું ડુબી જવાથી મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર પાસે આવેલા લેકાવાડા ગામ નજીકથી પસાર થતી સાબરમતી નદીમાં ન્વાહા પડેલા લેકાવાડા ગામના ૩૫ વર્ષીય યુવાનનું આજે સવારે નદીમાં ડુબી જવાથી મૃત્યુ થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ગ્રામજનોનું ભેગુ થઈ ગયેલુ ટોળુ મદદ માટે દોડ્યુ હતુ, પરંતુ તેને બચાવી શક્યા ન હતા. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી તપાસ શરૂ કરી છે.

લેકાવાડા ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન જયંતિ સંદિપભાઈ દંતાણી આજે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં લેકાવાડા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા પડ્યો હતો. શરૂઆતમાં છીછરા પાણીમાં ન્હાયા બાદ થોડો આગળ ન્હાવા ગયો અને નદીમાં રેતી સરકી જતા પગ લપસી ગયો અને ધીરે ધીરે નદીના પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો. બચાવો...બચાવો...ની બુમો સંભળાતા ગ્રામજનોનું ટોળુ નદી પાસે દોડી આવ્યું હતું. યુવાનને બચાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ ડુબી જવાથી તેનું પ્રાણ પંખેરૂ ઉડી જતાં ગ્રામજનો નિષ્ફળ રહ્યા હતા. ગ્રામજનોએ પોલીસને જાણ કરતાં ચિલોડા પોલીસ લમથકના એએસઆઈ દિલાવરખાન સ્થળ પર દોડી આવ્યા હતા અને મૃતદેહ પી.એણ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી ધોરણસરની તપાસ શરૂ કરી છે.

# સેક્ટર-૨૧ શાકમાર્કેટના વેપારીઓ બગડેલી શાકભાજી ગટરમાં નાંખતા લોકોમાં રોષ

## ઉભરાતી ગટરોના કારણે સ્થાનિક રહીશો અને શાક ખરીદવા આવતા જિલ્લાના ખરીદારો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ ખાતે આવેલ શાકમાર્કેટના વેપારીઓ બગડેલુ શાકભાજી તેમજ પ્લાસ્ટીકનો વેસ્ટ ગટરમાં નાંખતા હોવાથી ગટરો ચોક અપ થઈ જતા વારંવાર ઉભરાતી હોવાની લોકોમાં વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જ્યારે ચોમાસાની ઋતુમાં શાકમાર્કેટની ગટરો ભરાતા વેપારીઓ અને શહેરીજનોની હાલત કફોડી બની જાય છે. તંત્ર બગડેલુ શાકભાજી ગટરમાં નાંખતા વેપારીઓ સામે દંડનીય પગલા ભરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૧ ખાતે સૌથી મોટી શાકમાર્કેટ આવેલું છે. જેમાં જથ્થાબંધ વેપારીઓની મોટી દુકાનો તેમજ નાના વેપારીઓ માટે છુટક વેચાણ કરવા માટે ઓટલા ફાળવવામાં આવ્યા છે. તેમજ નીચે બેસીને શાકભાજી વેચતા પાથરણાવાળા વેપારીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. શાકમાર્કેટમાં સવારે જથ્થાબંધ શાકભાજી આવે છે. તેમાંથી દરેક વેપારી પોતાના વેપાર અનુસાર શાકની ખરીદી કરે છે.

શાકભાજીની ખરીદી કર્યા બાદ શાકમાર્કેટના તમામ વેપારીઓ બગડેલુ, સડી ગયેલું, વેસ્ટેજ શાકભાજી એક તરફ કાઢે છે. ત્યારબાદ વેસ્ટેજ શાકભાજી ઊંચકીને બહાર કચરાપેટીમાં નાંખવાની જગ્યાએ વેપારીઓ બગડેલા શાકભાજી ગટરમાં પધરાવી દે છે. જેને પરિણામે ગટરો ચોકઅપ થઈ જતા ગટરો ઉભરાય છે. માર્કેટમાં સાફ સફાઈ કરેલુ પાણી ગટરમાં નહી જતુ હોવાથી માર્કેટમાં પણ ગંદકી જોવા મળી રહી છે.

ચોમાસાની સિઝનમાં ઉભરાતી ગટરોના કારણે શાક ખરીદવા આવતા શહેરીજનો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગટરોમાં બગડેલું શાકભાજી પધરાવી દેતા વેપારીઓ સામે તંત્ર લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી કરે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# રાજસ્થાની યુવાન પ્રેમરથ લઈ પ્રેમથી મુખ્યમંત્રીને મળ્યો




ગાંધીનગર, તા. ૨૮

રાજસ્થાનના જાલોર જિલ્લાના પાનસોર તાલુકાના બાવરલા ગામના રહેવાસી ભરતસિંહ ચૌહાણે આજે ગાંધીનગરમાં ભક્તિનું અનોખું ઉદાહરણ પુરું પાડ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ભક્ત એવો આ યુવાન ગુજરાતના મોદીના રથ સાથે અહીં આવ્યો હતો અને મુખ્યમંત્રીને મળ્યો પણ હતો.

મુખ્યમંત્રીએ ગુજરાતમાં કરેલો વિકાસ અપ્રતિમ છે અને ગુજરાત પછી હવે દેશ અને દુનિયાનો વિકાસ પણ તેમના દ્વારા થવાનો છે એવી આશા તેણે વ્યક્ત કરી હતી.

ભરતસિંહ ૨૦૦૫થી નરેન્દ્રભાઈ મોદીનો ભક્ત બન્યો છે અને એ કારણે સતત એમની બધી જ ખબરોથી એ અવગત પણ રહે છે. આ સાથે જ વખતોવખત તે મુખ્યમંત્રીને ફોન દ્વારા કે પત્ર દ્વારા શુભકામનાઓ અને અભિનંદનો પણ પાઠવતો રહ્યો છે. અને તેને એ બાબતનો સંતોષ છે કે તેના દરેક પત્રનો જવાબ પાઠવવામાં આવ્યો છે.

દિન-પ્રતિદિન મુખ્યમંત્રીને મળવાની તેની ઈચ્છા બળવત્તર બનતી જતી હતી, જે આખરે ચરમ સીમા પર પહોંચતાં તે ૨૭ જુલાઈના રોજ સવારે પોતાને ગામથી ગુજરાત આવવા નીકળ્યો હતો અને આજે સવારે મુખ્યમંત્રીને તેમના નિવાસે મળ્યો હતો. તેની સાથે તેના મિત્રો કેસરસિંહ, દિલીપ સોની, ઉમેશ જોષી, માધુસિંહ, નરેશ પરમાર પણ હતા, જે સૌ નરેન્દ્રભાઈના રથ સાથે તેમને મળવા પહોંચ્યા હતા. આ સૌ નરેન્દ્રભક્તોએ નરેન્દ્રભાઈ સાથે વાતચીત કરી હતી અને તેમને માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશની સેવા માટે શુભકામનાઓ પણ પાઠવી હતી.

માલેગામ, નાસિકની ખાનગી કંપનીમાં ઍકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા આ યુવાને મુખ્યમંત્રીનું સૂચન સ્વીકારી રાજસ્થાનમાં પોતાના રથ સાથે પરિભ્રમણ કરવાની અને મોદી સેના નામે સંગઠન ઊભું કરવાની તૈયારી પણ દર્શાવી હતી.

મુખ્યમંત્રીની મુલાકાત બાદ આ રાજસ્થાની યુવકોએ ગાંધીનગર શહેર પણ જોયું હતું અને અહીંની સુંદરતાથી - ખાસ કરીને અહીંની લીલોતરીથી - ખૂબ પ્રભાવિત થયા હતા.

# ગીફ્ટ સિટી સુધી બસ સુવિધાનો પ્રારંભ

## ગીફ્ટસિટીમાં કાર્યરત કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે અમદાવાદથી ગીફ્ટ સિટી સુધીની બસ પાંચ ટ્રીપમાં ફરશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક સતત વિકાસ પામી રહેલી ગીફ્ટ સિટી સુધી બસ સુવિધાનો પ્રારંભ કર્મચારીઓના હિતાર્થે કરવામાં આવ્યો છે. વિસતથી ગીફ્ટ સિટી અને તે જ રૂટ પર પરત ફરતી બસ સુવિધાનો લાભ મુલાકાતીઓ પણ લઈ શકશે. સવારે સાડા નવથી સાંજે ૭ દરમ્યાન પાંચ ટ્રીપ ઉપલબ્ધ હશે.

ગીફ્ટ સિટીનો અતિ મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ ખુબ ઝડપથી આગળ વધી રહ્યો છે. એક ટાવર બંધાઈ ગયો છે અને કાર્યરત થઈ ચુક્યો છે જ્યારે બીજા ટાવરનું કામ ચાલુ છે. ગીફ્ટ સિટીના કેમ્પસ પર કાર્યરત કર્મચારીઓ માટે આ ટ્રાન્સપોર્ટેશન સુવિધા ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી લી. દ્વારા શરૂ કરવામાં આવી છે. બિઝનેસ એસોસીએટ અથવા ગમે તે જે ગીફ્ટ સિટીની મુલાકાત લેવા ઈચ્છતા હોય તેમના માટે તે ઉપલબ્ધ છે. વિસત પેટ્રોલ પંપ નજીક અને રક્ષાશક્તિ સર્કલ નજીક બે પીકઅપ સ્ટેન્ડ બનાવાયા છે. બીઆરટીએસ અનો એએમટીએસમાં મુસાફરી કરતા મુસાફરોની સુવિધા માટે અહીં પીકઅપ સ્ટેન્ડ બનાવાયા છે. ગીફ્ટ સિટીના મેનેજીંગ ડીરેક્ટર આર.કે. જહા કહે છે કે લગભગ બે અઠવાડિયા અગાઉ અમે ટોકન ચાર્જ લઈ એ.સી. બસની સુવિધા શરૂ કરી છે. બીઆરટીએસ બસ કરતાં પણ તેની ટિકિટ ઓછી છે. આગામી દિવસોમાં અમદાવાદ અને ગાંધીનગરના જુદા જુદા સ્થળોએથી બસ સેવા શરૂ કરાશે. ગીફ્ટસિટી સુધી કોઈ કનેક્ટીવિટી ન હોય તેવા સ્થળોએથી બસસેવા શરૂ કરાશે.

હાલમાં બે બસોની સેવા કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે મુકાઈ છે. સત્તાધિકારીઓ આગામી દિવસોમાં વધુ દસ બસોની સુવિધા અહીં ઉપલબ્ધ કરાવશે. હાલમાં અહીં ૨૯ માળની એક ઈમારત ખુલ્લી મુકાઈ છે. ટુંક સમયમાં બીજી હાઈરાઈઝ બિલ્ડીંગ ખુલ્લી મુકાશે. માર્ચ ૨૦૧૪ સુધી અહીં ૮ થી ૧૦ હજાર જેટલા કર્મચારીઓ કાર્યરત હશે. અહીં સુધી બીઆરટીએસ બસની સુવિધા ઉપલબ્ધ થાય તેવું કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે જે વિચારણા હેઠળ છે. જ્યાં સુધી તે શરૂ નહીં થાય ત્યાં સુધી આ બસ સેવા ચાલુ રહેશે. ગીફ્ટસિંટી ટાવરમાં નવી ઓફિસ શરૂ કરવા ઈચ્છતા કંપની ધારકો માટે આ સુવિધા વધુ ફાયદેમંદ રહેશે. કર્મચારીઓના ટ્રાન્સપોર્ટેશનની ચિંતા હવે તેમને કરવી નહી પડે.

### બસ સેવા ક્યાંથી ઉપલબ્ધ

| પીક અપ | સમય |
|---|---|
| વિસત જંકશનથી વાયા ધોળાકુવાથી ગીફ્ટ સીટી | સવારે ૯.૩૦ |
| વિસત જંકશનથી વાયા ધોળાકુવાથી ગીફ્ટ સીટી | સવારે ૧૦.૩૦ |
| વિસત જંકશનથી વાયા ધોળાકુવાથી ગીફ્ટ સીટી | બપોરે ૧૨.૩૦ |
| વિસત જંકશનથી વાયા ધોળાકુવાથી ગીફ્ટ સીટી | બપોરે ૨.૩૦ |
| વિસત જંકશનથી વાયા ધોળાકુવાથી ગીફ્ટ સીટી | સાંજે ૪.૩૦ |
| **ડ્રોપ** | **સમય** |
| ગીફ્ટસિટી વાયા ધોળાકૂવાથી વિસત જંકશન | સવારે ૯.૪૫ |
| ગીફ્ટસિટી વાયા ધોળાકૂવાથી વિસત જંકશન | સવારે ૧૧.૩૦ |
| ગીફ્ટસિટી વાયા ધોળાકૂવાથી વિસત જંકશન | બપોરે ૧.૩૦ |
| ગીફ્ટસિટી વાયા ધોળાકૂવાથી વિસત જંકશન | ૧૫.૩૦ |
| ગીફ્ટસિટી વાયા ધોળાકૂવાથી વિસત જંકશન | સાંજે ૭ વાગે |

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૭.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ ૧૯ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ વોલ્વેરીન (હિન્દી) : ૯.૦૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
નશા : ૧૧.૪૫

: સ્ક્રીન-૨ :
ઈશ્ક : ૯.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
ડી-ડેય : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૧૫
બજાતે રહો : ૧૨.૪૫, ૫.૪૫, ૧૦.૪૫
ઈશ્ક : ૩.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૬.૧૫, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈશ્ક : ૧૦.૩૦, ૧૦.૦૦
નશા : ૧.૩૦
બજાતે રહો : ૪.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
બજાતે રહો : ૧૦.૦૦
ઈશ્ક : ૧૨.૦૦, ૫.૩૦, ૭.૩૦
નશા : ૩.૦૦

### ચિરાગ, કલોલ

ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૫ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે મોતીના હિંડોળા

## આપની આજ

**મેષ** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે.

**વૃષભ** : અધ્યયનમાં મન લાગશે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**કર્ક** : જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : સામાજિક પ્રશંસાથી હર્ષ થશે. નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**ધન** : સંતાનથી શુભ અને પ્રગતિવર્ધક સમાચાર મળશે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિકારક થશે. વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્યપૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. હીરાબેન સાંકળચંદ પટેલ (ઉ.વ. ૧૦૦) મુ.પો. આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. આત્મારામ ફકીરજી ઠાકોર (ઉ.વ. ૫૨) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રભાતજી શકરાજી સોલંકી (ઉ.વ. ૪૫) મુ. બુટાકીયા, પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કુંજલત્તાબેન મનોહરરાય ભટ્ટ (ઉ.વ. ૭૮) ૫૬, પ્રમુખ રેસીડન્સી, મુ.પો. રાંદેસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જ્યંતિભાઈ ચંદુભાઈ દંતાણી (ઉ.વ. ૪૨) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રેમીલાબેન હરકિશનદાસ મહેતા (ઉ.વ. ૮૦) ૭૭૧, સોમેશ્વર સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.